# આત્મનિર્ભર ભારત

## ભાગ-4: વૃદ્ધિની નવી ક્ષિતિજો

16.05.2020

सत्यमेव जयते
Government Of India



# ઝડપથી રોકાણને આકર્ષવા નીતિગત સુધારા – આત્મનિર્ભર ભારત તરફ આગેકૂચ કરવાનો પ્રયાસ

- સચિવોનું અધિકારપ્રાપ્ત જૂથ (ઇજીઓએસ) રોકાણને ઝડપથી મંજૂર કરવાની કામગીરી કરશે.
- દરેક મંત્રાલયમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ ઊભો કરવામાં આવશે, જે રોકાણ કરી શકાય એવા પ્રોજેક્ટ તૈયાર કરશે, રોકાણકારો અને કેન્દ્ર/રાજ્ય સરકારો સાથે સંકલન સ્થાપિત કરશે
- નવા રોકાણો માટે સ્પર્ધા કરવા રોકાણની આકર્ષકતા પર રાજ્યોને રેન્કિંગ આપશે
- સોલર પીવી ઉત્પાદન, અદ્યતન સેલ બેટરી સ્ટોરેજ વગેરે જેવા નવા વિકસતા ક્ષેત્રો (ન્યૂ ચેમ્પિયન સેક્ટર્સ)ને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહન યોજનાઓ શરૂ કરવામાં આવશે.



# ઔદ્યોગિક માળખાગત સુવિધાઓને અદ્યતન બનાવવામાં આવશે

- સામાન્ય માળખાગત સુવિધાઓ અને જોડાણની સુવિધા ધરાવતી ઔદ્યોગિક વસાહતોને અદ્યતન બનાવવા માટે યુદ્ધના ધોરણે રાજ્યોમાં યોજનાનો અમલ થશે.

- નવા રોકાણોને પ્રોત્સાહન આપવા માટે ઔદ્યોગિક જમીન/લેન્ડ બેંક ઉપલબ્ધ કરાવવામાં આવશે તથા જીઆઇએસ મેપિંગ સાથે ઔદ્યોગિક માહિતી વ્યવસ્થા (આઇઆઇએસ) પર માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

    - ઔદ્યોગિક માહિતી વ્યવસ્થા (આઇઆઇએસ) પર મેપિંગ કરાયેલા 5 લાખ હેક્ટરમાં 3376 ઔદ્યોગિક પાર્કો/વસાહતો/સેઝ સ્થાપિત કરવામાં આવશે
    - તમામ ઔદ્યોગિક પાર્કોને 2020-21માં રેન્ક આપવામાં આવશે.



सत्यमेव जयते
Goverment Of India



# વૃદ્ધિની નવી ક્ષિતિજો

# નીતિગત સુધારા – કોલસા ક્ષેત્રમાં ખાનગી કે વાણિજ્યિક ખાણકામને શરૂ કરવાની મંજૂરી

કોલસાની આયાત ઘટાડવાની જરૂર છે અને કોલસાના ઉત્પાદનમાં સ્વનિર્ભરતા વધારવી પડશે.

સરકાર કોલસાનાં ક્ષેત્રમાં નીચેના સુધારા કરીને ક્ષેત્રને સ્પર્ધાત્મક બનાવશે, એમાં પારદર્શકતા લાવશે અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી આપશે :

- ટનદીઠ નિશ્ચિત રૂપિયાની વ્યવસ્થાને બદલે આવકની વહેંચણીની વ્યવસ્થા અપનાવવામાં આવશે
  - અગાઉ અંતિમ-વપરાશની માલિકી સાથે ફક્ત કેપ્ટિવ ઉપભોક્તા જ બિડ કરી શકતા હતા.
  - હવે કોલસાના બ્લોક માટે કોઈ પણ પક્ષ બિડ કરી શકે છે અને ખુલ્લાં બજારમાં એનું વેચાણ કરી શકે છે.
- બિડ કરવા માટેના નિયમો હળવા કરવામાં આવશે
  - આશરે 50 ખાણોની હરાજી તાત્કાલિક ધોરણે થશે.
  - લાયકાતની કોઈ શરત નહીં, ટોચમર્યાદા સાથે આગોતરી ચુકવણી જ જરૂરી.



# નીતિગત સુધારા – કોલસાના ક્ષેત્રમાં ખાનગી ખાણકામને મંજૂરી

- આંશિક રીતે ઉત્ખન્ન થયેલી ખાણો માટે ઉત્ખનન-કમ-ઉત્પાદન વ્યવસ્થાનું તંત્ર
    - સંપૂર્ણપણે ઉત્ખનન થયેલી કોલસાની ખાણોની હરાજીની અગાઉની જોગવાઈની સામે હવે આંશિક રીતે ઉત્ખનન થયેલી ખાણોની હરાજી પણ થશે.
    - ઉત્ખનનમાં ખાનગી કંપનીને ભાગીદારી બનવાની મંજૂરી આપવામાં આવશે.
- જો નિયત સમય અગાઉ ઉત્પાદન શરૂ થશે, તો આવકમાં વહેંચણીમાં રિબેટ આપીને પ્રોત્સાહન આપવામાં આવશે.



## નીતિગત સુધારા – કોલસામાં વિવિધતાસભર તકો – રૂ. 50,000 કરોડનું રોકાણ

- કોલસાનાં ગેસિફિકેશન/પ્રવાહીકરણને આવકમાં હિસ્સામાં રિબેટ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે.
  - એનાથી પર્યાવરણને નોંધપાત્ર રીતે ઓછું નુકસાન થશે
  - ભારતને ગેસ-આધારિત અર્થતંત્ર તરફ ઝડપથી વળવામાં મદદ મળશે
- રૂ. 50,000 કરોડનો માળખાગત વિકાસ
  - વર્ષ 2023-24 સુધીમાં કોલસાનું 1 અબજ ટન ઉત્પાદન કરવાના લક્ષ્યાંકને હાંસલ કરવા ઉપરાંત ખાનગી ખાણોમાંથી કોલસાનું ઉત્પાદન કરવામાં આવશે.
  - એમાં ખાણોમાંથી રેલવેની સાઇડિંગ્સ સુધી કોલસાના હસ્તાંતરણની વ્યવસ્થા (કન્વેયર બેલ્ટ્સ)માં રૂ. 18,000 કરોડનું રોકાણ સામેલ છે.
  - આ પગલાથી પણ પર્યાવરણ પર નુકસાનકારક અસર નોંધપાત્ર રીતે ઘટાડવામાં મદદ મળશે.



# નીતિગત સુધારા – કોલસાના ક્ષેત્રમાં ઉદારીકરણ

- કોલ ઇન્ડિયા લિમિટેડ (સીઆઈએલ)ના કોલસાની ખાણોમાંથી કોલ બેડ મિથન (સીબીએમ) નિષ્કર્ષણના અધિકારોની હરાજી થશે.
- ખાણ યોજનાના સરળીકરણ જેવા વેપારવાણિજ્યને સરળ કરવા માટેના પગલાં હાથ ધરવામાં આવશે.
  - ખાણ યોજના ટૂંકી બનાવવામાં આવી છે, જે ઓનલાઇન લોડિંગ કરવા માટે અનુકૂળ છે.
  - વાર્ષિક ઉત્પાદનમાં ઓટોમેટિક 40 ટકા વધારાની મંજૂરી આપવામાં આવશે.
- સીઆઇએલના ગ્રાહકોને વાણિજ્યિક શરતોમાં છૂટછાટો (રૂ. 5000 કરોડની રાહત ઓફર કરવામાં આવી છે)
  - બિનઊર્જા ઉપભોક્તાઓ માટે હરાજીમાં અનામત કિંમત ઘટાડાવામાં આવી , ધિરાણની શરતો સરળ બનાવવામાં આવી અને વીજળી મેળવવાનો સમયગાળો વધારવામાં આવ્યો છે.



# ખાણ ક્ષેત્રમાં ખાનગી રોકાણનું સંવર્ધન

વૃદ્ધિને વેગ આપવા, રોજગારીની તકોનું વધારે સર્જન કરવા તથા ખાસ કરીને ઉત્ખનનમાં અદ્યતન ટેકનોલોજી લાવવા માટે માળખાગત સુધારા કરવા માટે નીચેના પગલાં લેવામાં આવશેઃ

- સાતત્યપૂર્ણ સંપૂર્ણ ઉત્ખનન-કમ-ખાણકામ-કમ-ઉત્પાદન વ્યવસ્થા પ્રસ્તુત કરવામાં આવશે.
- જાહેર અને પારદર્શક હરાજી પ્રક્રિયા દ્વારા 500 ખાણો ઓફર કરવામાં આવશે.
- એલ્યુમિનિયમ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા બોક્સાઇટ અને કોલસા ખનિજની ખાણોની સંયુક્ત હરાજી કરવામાં આવશે. એનાથી એલ્યુમિનિયમ ઉદ્યોગને વીજળીનો ખર્ચ ઘટાડવામાં મદદ મળશે.



# નીતિગત સુધારા – ખનીજ ક્ષેત્ર

- ખાણના ભાડાપટ્ટાના કરારો હસ્તાંતરિત કરવાની મંજૂરી આપવા અને વધારાના, વપરાશ ન થયેલી ખનિજોનું વેચાણ કરવા કેપ્ટિવ અને નોન-કેપ્ટિવ ખાણો વચ્ચેનો ફરક દૂર કરવામાં આવશે, જે ખાણકામ અને ઉત્પાદનમાં વધારે કાર્યદક્ષતા તરફ દોરી જશે.

- ખાણ મંત્રાલયે વિવિધ ખનિજો માટે મિનરલ ઇન્ડેક્સ (ખનિજ સૂચકાંક) વિકસાવવાની પ્રક્રિયા હાથ ધરી છે.

- ખાણ ભાડાપટ્ટે આપવા ચુકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીને તર્કબદ્ધ બનાવવામાં આવશે.



# સંરક્ષણ ઉત્પાદનમાં સ્વનિર્ભરતા વધારવી

- સંરક્ષણ ઉત્પાદનમાં સ્વનિર્ભરતા માટે 'મેક ઇન ઇન્ડિયા' :
  - વર્ષમુજબ સમયરેખા સાથે આયાત પર પ્રતિબંધ મૂકવા માટે શસ્ત્રો/પ્લેટફોર્મની યાદી જાહેર કરવામાં આવશે;
  - આયાતી સ્પેરનું સ્વદેશીકરણ;
  - સ્થાનિક સ્તરે મૂડી મેળવવા માટે અલગથી બજેટની જોગવાઈ કરવામાં આવશે.
  - એનાથી સંરક્ષણ ક્ષેત્રના આયાતમાં થતા ખર્ચમાં મોટો ઘટાડો થશે..
- ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડનું કોર્પોરેટાઇઝેશન કરીને શસ્ત્રોના પુરવઠામાં કાર્યદક્ષતા વધારવામાં આવશે, જવાબદારી લાવવામાં આવશે અને સ્વાયતત્તા વધશે.




# નીતિગત સુધારા – સંરક્ષણ ઉત્પાદન

- ઓટોમેટિક રુટ હેઠળ સંરક્ષણ ઉત્પાદનમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ)ની મર્યાદા 49 ટકાથી વધારીને 74 ટકા કરવામાં આવશે.
- સંરક્ષણ ક્ષેત્રમાં ખરીદીની પ્રક્રિયાને સમયબદ્ધ કરવામાં આવશે અને નીતિગત નિર્ણયો લેવા માટે નીચેના પગલા લેવામાં આવશેઃ
  - કરાર કે સમજૂતીઓના વ્યવસ્થાપનને ટેકો આપવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ સ્થાપિત કરવામાં આવશે;
  - શસ્ત્રો/પ્લેટફોર્મના જનરલ સ્ટાફ ક્વોલિટેટિવ રિક્વાયરમેન્ટ (જીએસક્યુઆર)ને વાસ્તવિક ધોરણે આંકવામાં આવશે;
  - પ્રયોગ અને પરીક્ષણની પ્રક્રિયા સંપૂર્ણપણે બદલવામાં આવશે








# ઉડ્ડયન ખર્ચમાં રૂ. 1000 કરોડનો ઘટાડો કરવામાં આવશે – નાગરિક ઉડ્ડયન માટે એરસ્પેસનો અસરકારક ઉપયોગની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે

- ભારતીય એરસ્પેસની ફક્ત 60 ટકા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.
- ભારતની એરસ્પેસના વપરાશના નિયંત્રણો હળવા કરવામાં આવશે, જેથી નાગરિક ઉડ્ડયન સેવા વધારે કાર્યદક્ષ બનાવશે.
- ઉડ્ડયન ક્ષેત્રને દર વર્ષે આશરે રૂ. 100 કરોડનો કુલ લાભ થશે.
- એરસ્પેસનો અસરકારક ઉપયોગ; ઇંધણના ઉપયોગ, સમયમમાં ઘટાડો થશે.
- પર્યાવરણ પર સકારાત્મક અસર થશે..



# પીપીપી (સરકારી ખાનગી ભાગીદારી) દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરના વધારે એરપોર્ટ ઊભા કરવામાં આવશે

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એએઆઈ)એ સરકારી ખાનગી ભાગીદારી (પીપીપી)ને આધારે કામગીરી અને જાળવણી માટે 6 એરપોર્ટમાંથી 3 એરપોર્ટના કોન્ટ્રાક્ટ કર્યા છે.
- પ્રથમ રાઉન્ડમાં 6 એરપોર્ટની વાર્ષિક આવક – રૂ. 1000 કરોડ (દર વર્ષે હાલના રૂ. 540 કરોડના નફા સામે). એએઆઈને રૂ. 2300 કરોડનું ડાઉન પેમેન્ટ પણ મળશે.
- બીજા રાઉન્ડ માટે વધુ 6 એરપોર્ટની ઓળખ કરવામાં આવી છે. એના બિડની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવશે.
- ઉપરાંત પહેલા અને બીજા રાઉન્ડમાં 12 એરપોર્ટમાં ખાનગી કંપનીઓ દ્વારા  આશરે રૂ. 13,000 કરોડનું રોકાણ મળવાની અપેક્ષા છે.
- બિડિંગના ત્રીજા રાઉન્ડમાં અન્ય 6 એરપોર્ટ મૂકવામાં આવશે.



ભારત વિમાનના મેઇન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (એમઆરઓ) માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર બનશે

- એમઆરઓ ઇકોસિસ્ટમ માટે કરવેરાની વ્યવસ્થાને તર્કબદ્ધ બનાવવામાં આવી છે.
- વિમાનના ઘટકોનું રિપેરિંગ અને એરફ્રેમની જાળવણી ત્રણ વર્ષમાં રૂ. 800 કરોડથી વધીને રૂ. 2000 કરોડ થશે.
- દુનિયામાં મુખ્ય એન્જિન ઉત્પાદકો આગામી વર્ષોમાં ભારતમાં એન્જિન રિપેર સુવિધાઓ સ્થાપિત કરશે.
- સંરક્ષણ ક્ષેત્ર અને સિવિલ એમઆરઓ વચ્ચે સમન્વય સ્થાપિત કરવામાં આવશે, જેનાથી કામગીરી વધવાથી ખર્ચ બચશે.
- વિમાનો માટે જાળવણીનો ખર્ચ ઘટશે.



# વીજદરની નીતિમાં સુધારો

નીચેના સુધારા કરવા માટે વીજદરની નીતિમાં ફેરફારો કરવામાં આવશે:

**A.** ગ્રાહકોના અધિકારો
- વીજ વિતરણ કંપનીઓની બિનકાર્યક્ષમતાનું ભારણ ગ્રાહકોને વેઠવું ન પડે
- વીજ વિતરણ કંપનીઓ માટે સેવાના ધારાધોરણો અને સંલગ્ન દંડની જોગવાઈ કરવામાં આવશે
- વીજ વિતરણ કંપનીઓ પર્યાપ્ત પાવર સુનિશ્ચિત કરશે; વીજકાપ બદલ દંડ કરવામાં આવશે

**B.** ઉદ્યોગને પ્રોત્સાહન
- ક્રોસ સબસિડીમાં સતત ઘટાડો કરવામાં આવશે
- ખુલ્લી સુલભતાને સમયબદ્ધ સહાય
- જનરેશન અને ટ્રાન્સમિશન પ્રોજેક્ટ ડેવલપર્સની પસંદગી સ્પર્ધાત્મક ધોરણે થશે

**C.** ક્ષેત્રની ટકાઉક્ષમતા
- નિયમનકારી અસ્કાયમતો નહીં
- જનરેશન કંપનીઓને સમયસર ચુકવણી
- સબસિડી માટે ડીબીટી; સ્માર્ટ પ્રીપેડ મીટર સ્થાપિત કરવામાં આવશે



# કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજ વિતરણનું ખાનગીકરણ

- વીજ વિતરણ અને પુરવઠાની કામગીરી નબળી છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોમાં વીજ વિભાગો / કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવશે.
- ઉપભોક્તાઓને શ્રેષ્ઠ સેવા તરફ દોરી જશે તથા કામગીરીમાં સુધારો થશે અને વિતરણમાં નાણાકીય કાર્યદક્ષતા આવશે.
- દેશભરમાં અન્ય વીજકંપનીઓને અનુકરણ કરવા માટે મોડલ પ્રદાન કરવામાં આવશે.



## સંશોધિત વાયાબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) યોજના દ્વારા સામાજિક માળખાગત સુવિધાઓમાં ખાનગી ક્ષેત્રનાં રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે – રૂ. 8100 કરોડ

- સામાજિક માળખાગત સુવિધા સાથે સંબંધિત વિવિધ પ્રોજેક્ટ નબળી વ્યવહારિકતાનો સામનો કરે છે.
- સરકાર કેન્દ્ર અને રાજ્ય/કાયદેસર સંસ્થા દ્વારા વીજીએફ તરીકે પ્રોજેક્ટના કુલ ખર્ચના 30 ટકા સુધી વાયાબિલિટી ગેપ ફંડિંગ વધારશે.
- અન્ય ક્ષેત્રો માટે હાલનાં વીજીએફમાં ભારત સરકાર અને રાજ્ય/કાયદેસર સંસ્થાઓ 20 ટકા-20 ટકા ટેકો આપવાનું ચાલુ રાખશે
- કુલ રૂ. 8100 કરોડનો ખર્ચ
- એમાં કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારનાં મંત્રાલયો/કાયદેસર સંસ્થાઓ દ્વારા સૂચિત પ્રોજેક્ટ સામેલ હશે.



# અંતરિક્ષ ક્ષેત્ર સાથે સંબંધિત કામગીરીમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન

- ભારતની અંતરિક્ષ ક્ષેત્રની સફરમાં ભારતીય ખાનગી ક્ષેત્ર ખભેખભો મિલાવીને કામ કરશે.
  - ઉપગ્રહો, પ્રક્ષેપણ અને અંતરિક્ષ આધારિત સેવાઓ માં ખાનગી કંપનીઓને સ્પર્ધા કરવા માટે સમાન તકો પ્રદાન કરવામાં આવશે.
  - ખાનગી કંપનીઓને અનુમાનિત નીતિ અને નિયમનકારી વાતાવરણ પ્રદાન કરવામાં આવશે.
  - ખાનગી ક્ષેત્રને એની ક્ષમતાઓ વધારવા માટે ઇસરોની સુવિધાઓ અને અન્ય પ્રસ્તુત અસ્કયામતોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે.
  - અંતરિક્ષમાં સંશોધન, અંતરિક્ષમાં પ્રવાસ કરવા વગેરે માટે ભવિષ્યના પ્રોજેક્ટમાં ખાનગી ક્ષેત્ર ભાગીદારી થઈ શકશે.
  - ટેક-ઉદ્યોગસાહસિકોને રિમોટ-સેન્સિંગ ડેટા પ્રદાન કરવા ઉદાર જીયો-સ્પેટિલ ડેટા નીતિ બનાવવામાં આવશે.



# પરમાણુ ઊર્જા સંબંધિત સુધારા

- તબીબી આઇસોટોપનું ઉત્પાદન કરવા માટે સરકારી ખાનગી ભાગીદારી (પીપીપી)માં રિસર્ચ રિએક્ટરની સ્થાપના – કેન્સર અને અન્ય રોગો માટે વાજબી સારવાર દ્વારા માનવજાતની સેવાની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ખાદ્ય ચીજવસ્તુઓને જાળવવા માટે ઇરેડિયેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા પીપીપી પદ્ધતિમાં સુવિધાઓ સ્થાપિત કરવામાં આવશે – જે કૃષિ ક્ષેત્રમાં સુધારામાં પૂરક બનશે અને ખેડૂતોને મદદ કરશે.
- ભારતની મજબૂત સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમને પરમાણુ રિએક્ટર સાથે જોડવામાં આવશે – સંશોધન સુવિધાઓ અને ટેક-ઉદ્યોગસાહસિકો વચ્ચે વધારે સમન્વય સ્થાપિત કરવા ટેકનોલોજી ડેવલપમેન્ટ કમ ઇન્ક્યુબેશન સેન્ટર સ્થાપિત થશે.





सत्यमेव जयते
Goverment Of India

# આભાર